# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

---

Ref no. PN 2025-26/200 Dt. 01/11/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતી પર ઉદયપુર નજીક થયેલા હુમલાની ગંભીર ઘટના અંગે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રાજસ્થાનના મુખ્યમંત્રીશ્રીને રજૂઆત

### ચેમ્બરે મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરી છે કે, ઘટનાની સમયબદ્ધ અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, દોષિતોને ઝડપીને કાયદેસર સજા આપવામાં આવે અને Zero FIR નોંધવામાં ઉદાસીનતા દાખવનારા પોલીસ અધિકારીઓ સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી ભજનલાલ શર્માને ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતી પર રાજસ્થાન રાજ્યમાં થયેલા હુમલા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી યોગ્ય કાર્યવાહી માટે હસ્તક્ષેપ કરવાની રજૂઆત કરવામાં આવી છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બરે રજૂઆતમાં રાજસ્થાનના મુખ્યમંત્રીશ્રીને જણાવ્યું છે કે તા. 26 ઓક્ટોબર, 2025ની રાત્રે લગભગ 11:30 વાગ્યે ઉદયપુર નજીક પિપળી વિસ્તારમાં ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આશીષ ગુજરાતી અને તેમના પરિવાર પર લાકડીઓથી સજ્જ લૂંટારૂઓએ હુમલો કર્યો હતો. હુમલાખોરોએ તેમના માથા પર પ્રહાર કરીને તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, જેના કારણે સમગ્ર પરિવાર ભયભીત થઈને માનસિક આઘાતમાં આવી ગયો હતો.

આ હુમલા પછી શ્રી આશીષ ગુજરાતીને તેમના પરિવારજનોએ તાત્કાલિક મદદ માટે નજીકના સુરજપોલ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો, પરંતુ ત્યાંના અધિકારીઓએ 'જ્યુરીસ્ડીકશન'ના કારણસર Zero FIR નોંધવાની ના પાડી હતી. ચેમ્બરે પોતાના પત્રમાં ઉલ્લેખ કર્યો છે કે, Zero FIRની પદ્ધતિ ભારતભરમાં સ્વીકારેલી છે અને તે મુજબ કોઈપણ પોલીસ સ્ટેશન ગુનાની નોંધ કરી શકે છે, ભલે તે ઘટના સ્થળની હદ બહારનું હોય. અંતે ઉચ્ચ અધિકારીઓએ સહકાર આપ્યો હતો અને તેમના સહયોગથી ત્રણ દિવસ બાદ તા. 29 ઓક્ટોબર, 2025ના રોજ એફઆઈઆર નોંધવામાં આવી હતી.

ચેમ્બર દ્વારા રાજસ્થાન સરકારના ધ્યાનમાં આ બાબત પણ લાવવામાં આવી છે કે, પિપળીથી ઉદયપુર વચ્ચે લગભગ 50 કિલોમીટરના વિસ્તારમાં મોબાઇલ નેટવર્ક કનેકટીવિટી (Vi સર્વિસ) ન હોવાને કારણે પીડિત પરિવાર તાત્કાલિક મદદ મેળવી શક્યો ન હતો. ઉપરાંત, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) દ્વારા દર્શાવેલ ઇમરજન્સી હેલ્પલાઇન નંબર પણ અપ્રતિસાદ રહ્યો હતો, જેના કારણે પરિવાર સંપૂર્ણપણે અસમર્થ સ્થિતિમાં મૂકાઈ ગયો હતો.

ચેમ્બરે મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરી છે કે, ઘટનાની સમયબદ્ધ અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, દોષિતોને ઝડપીને કાયદેસર સજા આપવામાં આવે અને Zero FIR નોંધવામાં ઉદાસીનતા દાખવનારા પોલીસ અધિકારીઓ સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે. આ ઉપરાંત, રાજ્યના હાઈવે અને પ્રવાસન માર્ગો પર સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં આવે.

સાથે સાથે ચેમ્બરે મોબાઇલ નેટવર્ક કનેક્ટિવિટી, ઈમરજન્સી હેલ્પલાઇન પ્રતિસાદ અને હાઈવે કમ્યુનિકેશન ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારાની પણ માંગણી કરી છે, જેથી ભવિષ્યમાં આવી ઘટના કોઈ સાથે ન બને.

ચેમ્બરે વધુમાં જણાવ્યું છે કે, થોડા સમય પહેલાં જ રાજસ્થાનના મુખ્યમંત્રીશ્રીએ સુરતની મુલાકાત લઈને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોને રાજસ્થાનમાં રોકાણ માટે આમંત્રણ આપ્યું હતું, પરંતુ આવી દુર્ભાગ્યપૂર્ણ ઘટના ઉદ્યોગ જગતના વિશ્વાસને આઘાત પહોંચાડે છે અને રાજસ્થાનની 'સેફ એન્ડ ઇન્વેસ્ટર ફ્રેન્ડલી' છબીને પણ અસર કરે છે.